# આકાશવાણી ભુજ

## સમાચાર વાચક: જાગૃતિ વકીલ

## કમ્પ્યુટરાઈઝ : પલક પટેલ

તારીખ : ૦૪-૦૫-૨૦૨૪ શનિવાર          સમય : સાંજે ૬:25 કલાકે

---

## ચૂંટણી પ્રચાર:

લોકસભા ચૂંટણીનો જાહેર પ્રચાર પૂરો થવાને આડે હવે 48 કલાક કરતાં ઓછો સમય રહ્યો છે, ત્યારે પ્રચાર હવે ચરમ સીમાએ પહોંચી રહ્યો છે. મંગળવારે યોજાનાર મતદાનના જાહેર પ્રચાર પર આવતીકાલ રવિવારે સાંજે 5 વાગ્યે પરદો પડી જશે.

રાજ્યના વિસ્તારની દૃષ્ટિ એ સહુથી મોટા કચ્છ જિલ્લામાં પૂર્વથી પશ્ચિમ સુધી અને મોરબી વિસ્તાર સુધી પ્રચાર કાર્ય દરેક પક્ષો માટે પડકાર રૂપ બને છે . કાળઝાળ ગરમી વચ્ચે નેતાઓ કાર્યકરો આગેવાનો ગામે ગામ ઘર-ઘર ફરી પ્રચાર કાર્યમાં વ્યસ્ત રહ્યા છે. વિવિધ સ્થળે ચૂંટણી કાર્યાલયો ચાલી રહ્યા છે . જ્યાં ચૂંટણીની વ્યૂહ રચના પર ચર્ચા થઈ રહી છે . હજુ આવતીકાલ સુધી પ્રચાર મોરચો ગાજતો રહેશે.

- (સી. પઢ્ઢણી)

---

## ભુજમાં રોડ શો:

લોકસભા અને પાંચ વિધાનસભાની પેટા ચૂંટણીને ગણતરીના દિવસો બાકી છે ત્યારે રાજ્યમાં રાજકીય પાર્ટીઓનો ચૂંટણી પ્રચાર જોરશોરથી ચાલી રહ્યો છે. ત્યારે કચ્છ-મોરબી બેઠકના ઉમેદવાર વિનોદ ચાવડાના ચૂંટણી પ્રચાર અર્થે મહારાષ્ટ્રના અમરાવતીમાં મહિલા સાંસદ નવનીત રવિ રાણા ભુજ ખાતે રોડ શો કરી રહ્યા છે.

- (જાગૃતિ વકીલ)

---

## નાટક દ્વારા મતદાન જાગૃતિ:

જિલ્લામાં વધુમાં વધુ મતદાન થાય અને દરેક મતદાર મતદાન કરે તે માટે તંત્ર દ્વારા મતદાન જાગૃત્તિના કાર્યક્રમો યોજાઇ રહ્યા છે.

કચ્છમાં મતદાન જાગૃતિ અંગે સૂચના અને પ્રસાર મંત્રાલય વિભાગના કેન્દ્રીય સંચાર બ્યુરોના કચ્છના ફિલ્ડ ઓફિસર કમલેશ મહેશ્વરીએ જણાવ્યું હતું કે, કચ્છ વિસ્તારમાં લોકો વધુને વધુ મતદાન કરે અને યુવાનોમાં મતદાન જાગૃતિ આવે તે માટે અંજાર , આદિપુર, માંડવી, કેરા,

રતીયા, ભુજમાં શેરી નાટક દ્વારા સરળ ભાષમાં સમજૂતી આપવામાં આવી હતી. અને યુવા મતદારો સાથે પ્રશ્નોતરી કરી, ઇનામ વિતરણ કરવામાં આવ્યું હતું.

- (પરેશ મારુ)

---

## શ્રીમદ્ વલ્લભાચાર્યજી જયંતી:

પુષ્ટિ સંપ્રદાયના પ્રણેતા શ્રીમદ્ વલ્લભાચાર્યજીના 547 મા પ્રાગટ્ય મહોત્સવની આજે શ્રધ્ધા અને ભક્તિભાવ પૂર્વક ઉજવણી થઈ રહી છે . ભુજમાં આજે સવારે દ્વારિકાધિશ મંદિરથી શોભાયાત્રા નીકળી હતી, જે ગોવર્ધનનાથજીની હવેલી એ પહોચી હતી. જ્યાં, વિવિધ ધાર્મિક કાર્યક્રમો યોજાયા હતા. બપોરે બાળકો માટે જુદી જુદી સ્પર્ધાઓનું આયોજન કરાયું હતું.

- (સી. પટ્ટણી)

---

## ભુજમાં રન ફોર વોટ:

જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા લોકોમાં મતદાન અંગે જાગૃત્તિ આવે અને તમામ લોકો મતદાન કરે તેવા ઉદેશ્ય સાથે આવતીકાલે રવિવારે સવારે 7 વાગ્યે ભુજ ખાતે "રન ફોર વોટ" મેરેથોન દોડ યોજાશે. લાયન્સ ક્લબના સૌજન્યથી યોજાનારી રન ફોર વોટ મેરેથોન દોડ જ્યુબિલી સર્કલથી શરૂ થઇ જીઇબી સર્કલ, હોસ્પિટલ રોડ, લાલ ટેકરી, બસ સ્ટેશન, હમીરસર અને કલેકટર કચેરી ખાતે સંપન્ન થશે.

- (પરેશ મારુ)

---

## સ્મૃતિવન બંધ:

લોકસભા સામાન્ય ચૂંટણી અંતર્ગત સમગ્ર રાજ્યમાં ૦૭ મે , ૨૦૨૪ મંગળવારના રોજ મતદાન પ્રક્રિયા યોજાનારી છે. જે અનુસંધાને ભુજનું સ્મૃતિવન મેમોરિયલ અને મ્યૂઝિયમ મતદાનના દિવસે બંધ રહેશે. તારીખ ૦૬/૦૫/૨૦૨૪ સોમવારના રોજ સ્મૃતિવન મેમોરિયલ જાહેરજનતા માટે રાબેતા મુજબ ખુલ્લું રહેશે . તેમ સ્મૃતિવન મેમોરિયલ અને મ્યૂઝિયમ ઓથોરિટી દ્વારા જણાવાયું છે.

- (મા.ખા, ભુજ)

---

## જાહેરનામું-મતદાન મથક:

આગામી લોકસભા સામાન્ય ચૂંટણીની કામગીરી દરમિયાન આદર્શ આચાર સંહિતાના અમલ માટે જરૂરી જાહેરનામા બહાર પાડવા માટે ભારતના ચૂંટણી પંચ તરફથી સૂચનાઓ

આપવામાં આવેલી છે. જે અંતર્ગત જિલ્લા મેજિસ્ટ્રેટ અમિત અરોરા દ્વારા કરેલ જાહેરનામાં મુજબ મતદાનના દિવસ તા.૦૭ મે ના મતદાન મથકમાં કે મતદાન મથકની ૧૦૦મી ત્રિજ્યામાં કોઈપણ વ્યક્તિ સેલ્યુલર ફોન, કોર્ડલેસ ફોન, વાયરલેસ સેટ વિગેરે લઈને જઈ શકશે નહીં કે ઉપયોગ કરી શકશે નહીં.

- (મા.ખા, ભુજ)

---

## હવામાન:

ચૈત્રમાસના અંતિમ દિવસોમાં આજે કચ્છ જીલ્લામાં વાતાવરણમાં અણધાર્યો બદલાવ જોવા મળ્યો હતો. જીલ્લાના અમુક વિસ્તારોમાં ધાબડિયા માહોલ સાથે હવામાં ભેજનું પ્રમાણ વધતાં, ભારે ઉકળાટ ને કારણે લોકો પરસેવે રેબઝેબ થયા હતા. હવામાન વિભાગ દ્વારા આગામી સપ્તાહના પ્રારંભે ગરમીનું પ્રમાણ વધવાની આગાહી કરવામાં આવી છે.

- (જાગૃતિ વકીલ)

---

## ગાંધીધામ-બેન્ડ ટીમ દ્વારા પ્રચાર:

લોકસભા ચૂંટણી અંતર્ગત જિલ્લામાં મતદાન જાગૃતિ બાબતે વિવિધ પ્રવૃત્તિઓ થઈ રહી છે. ત્યારે, ચૂંટણી પંચ ગુજરાત રાજ્ય દ્વારા આપવામાં આવેલ ૧૫ દિવસીય મતદાન જાગૃતિ કાર્યક્રમ અન્વયે આજરોજ ગાંધીધામ ફ્લેશ મોબ અંતર્ગત શહેરમાં બેન્ડની ટીમ દ્વારા જ્યાં જાહેર જનતાની ભીડ વધુ રહે છે તેવા સ્થળોએ બેન્ડની પ્રસ્તુતિ દ્વારા મતદાન જાગૃતિ ફેલાવવાનો કાર્યક્રમ યોજાયો હતો.

- (મા.ખા, ભુજ)

---

## ટ્રાફિક ઝુંબેશ-સરહદી વિસ્તાર:

પૂર્વ કચ્છ પોલીસ દ્વારા સલસમતી અન્વયે અટકાયતી પગલાં લેવામાં આવ્યા હતા. પૂર્વ કચ્છ પોલીસ દ્વારા છેલ્લા પખવાડિયામાં ટ્રાફિક ઝુંબેશ તથા કાળા કાચ ધરાવતા વાહનો સામે કામગીરી કરાઈ હતી. જેમાં સામખીયાળી, આડેસર, બાલાસર ખડીર સહિતના પાડોશી જિલ્લાની સરહદ ધરાવતા પોલીસ ચેક પોસ્ટ ઉપર ખાસ ચેકીંગ કરવામાં આવી રહ્યું છે.

- (સ્થાનિક સમાચારપત્ર)

---